દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત પ્રમુખ નેલ્સન મંડેલાનું અવસાન

નોબેલ શાંતિ જીતનાર મંડેલા બીજા મહાત્મા ગાંધી હતા : દુનિયાભરના શ્રેષ્ઠ નેતાઓમાં સ્થાન ધરાવનાર મંડેલાએ રંગભેદ સામે તીવ્ર આંદોલન ચલાવ્યું હતું : નેલ્સન મંડેલા ૨૭ વર્ષ સુધી જેલમાં પણ રહ્યા હતા

જોહાનિસબર્ગ,તા.૬

દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ પ્રમુખ અને રંગભેદ વિરોધી આંદોલન ચલાવનાર દુનિયાના બીજા મહાત્મા ગાંધી જણાતા નેલ્સન મંડેલાનું નિધન થયું છે. નેલ્સન મંડેલાનું ૯૫ વર્ષની વયે અવસાન થયું છે. મંડેલા છેલ્લા ઘણા સમયથી બિમાર હતા. આફ્રિકન પ્રમુખ જેકબ જુમાએ કહ્યું છે કે આફ્રિકાએ પોતાના સૌથી મહાન પુત્રને ગુમાવી દીધા છે. મંડેલાએ અમને એક મત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. બીજા સંઘર્ષોમાં પણ શાંતિ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. વર્ષ ૧૯૯૩માં મંડેલાને નોબેલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૬૪માં જેલ ગયા બાદ મંડેલાએ દુનિયાભરમાં રંગભેદની સામે સંઘર્ષ છેડી દીધો હતો અને એક આઈકોન તરીકે ઊભરી આવ્યા હતા. અલબત્ત આની સામે આંદોલન ઘણા વર્ષો પહેલા શરૂ થઈ ગયું હતું પરંતુ મંડેલા શક્તિશાળી તરીકે ઊભરી આવ્યા હતા. ૨૦મી સદીમાં મોટાભાગના હિસ્સામાં દક્ષિણ આફ્રિકામાં નેશનલ પાર્ટી અને ડચ રિફોર્મ ચર્ચની બોલબાલા હતી. તેમના સિદ્ધાંત આફ્રિકન લોકોને લઈને જુદા પ્રકારની હતી. રંગભેદની જળ દક્ષિણ આફ્રિકામાં યુરોપીયન શાસનના શરૂઆતના દિવસોમાં પણ હતી. વર્ષ ૧૯૪૮માં નેશનલ પાર્ટીની પ્રથમ સરકાર સત્તામાં આવ્યા બાદ રંગભેદને કાયદાકીય દરજ્જો આપવામાં આવ્યો હતો. આ ચૂંટણીમાં માત્ર શ્વેત લોકોએ જ મત આપ્યા હતા. મંડેલા મહાત્મા ગાંધીથી ખૂબ જ પ્રભાવિત હતા. તેમને આફ્રિકાના ગાંધી તરીકે પણ બોલાવવામાં આવતા હતા. તેમના રાજકીય આંદોલન અને સંઘર્ષમાં મહાત્મા ગાંધીના વિચારો સ્પષ્ટપણે દેખાઈ આવે છે. જે લોકોએ તેમને જેલમાં બંધ કરી દીધા હતા તેમની સામે પણ તેમને નારાજગી વ્યક્ત કરી ન હતી.

નેલ્સન મંડેલા મહાત્મા ગાંધીથી પ્રભાવિત હતા : આંદોલનમાં ગાંધીના વિચારો હતા

જોહાનિસબર્ગ,તા. ૬

દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત પ્રમુખ નેલ્સન મંડેલા ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીથી ખૂબ જ પ્રભાવિત હતા. લોકો નેલ્સન મંડેલાને દક્ષિણ આફ્રિકાના ગાંધી પણ કહેતા હતા. તેમના રાજકીય આંદોલન અને સંઘર્ષમાં મહાત્મા ગાંધીના વિચારોની અસર સ્પષ્ટપણે દેખાતી હતી. જે લોકોએ મંડેલાને જેલમાં બંધ કરીને અત્યાચાર ગુજાર્યો હતો તેમના પ્રત્યે પણ તેમના મનમાં કોઈ પણ નારાજગી ન હતી. મંડેલા હમેશા ખુશ નજરે પડતાં હતા. તેમના વ્યક્તિત્વ અને લાઈફની વાર્તાથી સમગ્ર દુનિયા પ્રભાવિત થઈ હતી. પાંચ વર્ષ સુધી મંડેલા આફ્રિકાના પ્રમુખ તરીકે રહ્યા હતા.

મંડેલાને શ્રદ્ધાંજલિ બાદ બંને ગૃહો મોકુફ

ભારતમાં પાંચ દિવસના શોકની જાહેરાત : મંડેલા ભારતના પણ એક મહાન મિત્ર હતા

નવી દિલ્હી,તા. ૬

સંસદના બંને ગૃહોની કામગીરી આજે મોકુફ કરી દેવામાં આવી હતી. દક્ષિણ આફ્રિકાના પૂર્વ પ્રમુખ નેલ્સન મંડેલાને શ્રદ્ધાંજલિ આપવામાં આવ્યા બાદ બંને ગૃહોની કામગીરી મોકુફ કરવામાં આવી હતી. ભારતમાંથી નેલ્સન મંડેલાના સન્માનના ભાગરૂપે શોકની જાહેરાત કરવામાં આવી છે. બંને ગૃહોએ ભારતરત્નથી સન્માનિત મંડેલાને સન્માન આપ્યુ હતુ. અધ્યક્ષ મીરાકુમારે કહ્યુ હતુકે મંડેલા મહાન હિરો તરીકે હતા. માનવ અધિકાર અને સમાનતા માટેના તેમના વિચારો હંમેશા યાદ રહશે.

શ્રદ્ધાંજલિ આપ્યા બાદ ગૃહમાં એક મિનિટનું મૌન પણ પાળવામાં આવ્યુ હતુ. અગાઉ ગૃહના નેતા અને ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ શ્રદ્ધાંજલિ નિવેદન કર્યુ હતુ અને મંડેલાને રાષ્ટ્રપિતા મહાત્માગાંધી સાથે સરખામણી કરી હતી. શિંદેએ તેમની કામગીરીની ભારે પ્રશંસા કરી હતી. તેઓએ તેમના અંતિમ વર્ષમાં માંદગી સામે પણ લાંબી લડાઈ લડી હતી. રંગભેદ સામે લાંબી લડાઈના કારણે તેમને ૨૭ વર્ષ સુધી જેલમાં જવાની ફરજ પડી હતી. વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે પણ નેલ્સન મંડેલાને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતમાં મંડેલાના સન્માનમાં પાંચ દિવસના શોકની જાહેરાત કરાઈ હતી. કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે નેલ્સન મંડેલાને હંમેશા યાદ રાખવામાં આવશે. તેમના બલિદાનને ક્યારેય ભૂલાશે નહીં. તેમના લોકોના આત્મસન્માન અને સ્વતંત્રતા માટે ૨૭ વર્ષ જેલમાં ગાળ્યા હતા. ભારતમાં પણ મંડેલાને લોકો ખૂબજ પસંદ કરતા હતા. મંડેલાના સન્માનમાં પાંચ દિવસના શોકની જાહેરાતનો નિર્ણય કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં લેવાયો હતો. બેઠક બાદ માહિતી અને પ્રસારણ પ્રધાન મનિષ તિવારીએ આ મુજબની જાહેરાત કરી હતી.

મંડેલાના અવસાનથી વિશ્વમાં આઘાતનું મોજું ફેલાઈ ગયું છે

ઓબામા સહિતના નેતાઓની અંજલી : આફ્રિકામાં શોકનું મોજું : મંડેલાને શાનદાર વિદાય અપાશે

જોહાનિસબર્ગ,તા. ૬

દક્ષિણ આફ્રિકાના પૂર્વ પ્રમુખ નેલ્સન મંડેલાનું ૯૫ વર્ષની વયે જોહાનિસબર્ગમાં તેમના આવાસ ઉપર અવસાન થતાં કરોડો ચાહકો આઘાતમાં ડૂબી ગયા હતા. વિશ્વભરમાં શોકનું મોજું ફળી વળ્યું હતું. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સહિત વિશ્વના દેશોના વડાઓએ નેલ્સન મંડેલાની કામગીરીની પ્રશંસા કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી છે. આફ્રિકામાં મૌન જાહેર કરાયું છે. નેલ્સન મંડેલાના અવસાન ઉપર વિશ્વના ટોચના નેતાઓએ પોતાની પ્રતિક્રિયા આપી છે. બરાક ઓબામાએ કહ્યું છે કે નેલ્સન મંડેલા અમારા તમામ માટે સ્વતંત્રતા અને શાંતિની બાબતો છોડી ગયા છે. તેમના માર્ગ ઉપર આગળ વધવામાં આવે તે અતિ જરૂરી છે. વિશ્વના અન્ય દેશોના નેતાઓએ પણ મંડેલાની પ્રશંસા કરીને તેમને અંજલી આપી છે. આફ્રિકામાં તેમના કરોડો ચાહકો દુઃખમાં ગરકાવ થઈ ગયા છે.

ખાંડ ઉદ્યોગને ૭,૨૦૦ કરોડની લોનની સહાય

કટોકટીગ્રસ્ત ખાંડ ઉદ્યોગમાં નવા પ્રાણ ફૂંકવા પ્રયાસ : ખાંડ મીલોને વ્યાજમુક્ત લોન આપવાના નિર્ણયથી મોટી રાહત થશે : યુપીએ સરકાર પણ શેરડીના ઉત્પાદનને ચાર મિલિયન ટન સુધી લઈ જવા ઇચ્છુક

નવી દિલ્હી,તા. ૬

કૃષિપ્રધાન શરદ પવારે ખાંડ મીલ માટે વ્યાજમુક્ત લોનની આજે જાહેરાત કરી હતી. પ્રધાન સ્તરની બેઠક બાદ પવારે કહ્યુ હતુ કે ખાંડ ઉદ્યોગને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે નવી નીતિ તૈયાર કરવામાં આવી રહી છે. પવારે ઉમેર્યુ હતુ કે ખાંડ મીલોને વ્યાજમુક્ત લોન આપવામાં આવશે. બેંકો પાસેથી ખાંડ મીલોને ૭૨૦૦ કરોડ રૂપિયાની લોન મળશે. કેન્દ્ર સરકાર પણ કેટલીક રાહતો આપશે. આ લોનનો ઉપયોગ શેરડીના ખેડૂતોને ચૂકવણી કરવા માટે ખાંડ મીલો દ્વારા કરવામાં આવશે. શેરડીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના હેતુસર ઘણા પગલા લેવામાં આવી રહ્યા છે. ખાદ્યાન્ન, નાણાં, ઓઈલ, નાગરિક ઉડ્ડયન પ્રધાનો સાથે બેઠક બાદ પવારે કહ્યુ હતુ કે રોકડ કટોકટીનો સામનો કરી રહેલી ખાંડ મીલોને નાણાંકીય મદદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પવારે વર્ષ ૨૦૧૩-૧૪માં શેરડીનું ઉત્પાદન વધારીને ઓછામાં ઓછા ચાર મિલિનય ટન સુધી લઈ જવાની તરફેણ કરી હતી. ગ્રુપની દરખાસ્ત મુજબ ખાંડ મીલોને વ્યાજમુક્ત લોન આપવામાં આવશે. આ લોનનો ઉપયોગ શેરડીના ખેડૂતોને ચૂકવણી માટે ખાંડ મીલો દ્વારા કરવામાં આવશે. ગ્રુપનું નેતૃત્વ કરી રહેલા પવારે કહ્યુ હતુ કે ભારત પરંપરાગતરીતે ખાંડનું મોટા પાયે ઉત્પાદન કરે છે પરંતુ વિશ્વ બજારમાં તેના ખરીદારો ખૂબ ઓછા રહયા છે. શેરડીને વિશ્વના બજારમાં સરળતાથી વેચી શકાય છે. ભારતમાં ખાંડ મીલો હાલમાં સંઘર્ષ કરી રહી છે કારણ કે તેઓને ખેડૂતોને સમર્થન શેરડીની કિંમતો ચૂકવવાની ફરજ પડી રહી છે. જ્યારે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ખાંડ કિંમતોમાં વધારે હળવાશની સ્થિતિ ઉભી થઈ રહી નથી.

બિરલા ગ્રૂપે નેતાઓ-સાંસદોને નાણાં ચૂકવ્યા હતા : અહેવાલ

સીબીઆઈને એક મહત્વપૂર્ણ ડાયરી હાથ લાગી : દરોડામાં મળી આવેલી ડાયરી સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાઈ છેલ્લા ૧૦ વર્ષની ચૂકવણીનો ડાયરીમાં સ્પષ્ટ ઉલ્લેખ છે

નવી દિલ્હી,તા. ૬

સમગ્ર દેશને હચમચાવી મૂકનાર કોલસા બ્લોક ફાળવણી કૌભાંડના મામલામાં તપાસ કરી રહેલી સીબીઆઈએ આદિત્ય બિરલા ગ્રૂપની ઓફિસમાંથી મળી આવેલી એક ડાયરી સુપ્રીમ કોર્ટને સોંપી દીધી છે. આ ડાયરીમાં કેટલીક ચોંકાવનારી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેના પરિણામ સ્વરૂપે બિરલા ગ્રૂપને આવનાર દિવસોમાં કાયદાકીય ગૂચનો સામનો કરવો પડી શકે છે. બિરલા ગ્રૂપના અધ્યક્ષ કુમાર મંગલમ બિરલાને પણ પ્રશ્નોનો સામનો કરવો પડી શકે છે. આ ડાયરીમાં એવો ઉલ્લેખ છે કે બિરલા ગ્રૂપે નેતાઓ અને સાંસદોને નાણાં આપ્યા હતા. આ ડાયરીમાં છેલ્લા ૧૦ વર્ષના ગાળા દરમિયાન રાજકારણીઓ અને અનેક પાર્ટીઓના સાંસદોને ૧૦૦૦થી વધારે પેમેન્ટ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ લોકોને આ ચૂકવણી બિરલા કંપની ટ્રસ્ટ તરફથી કરવામાં આવી હતી. ભ્રષ્ટાચારના મામલામાં સીબીઆઈએ કંપનીની સામે એફઆઆરની નોંધણી કરી હતી. હિંદાલ્કોને તાલાબિરા કોલબ્લોક ફાળવણી કરવાના મામલામાં ભ્રષ્ટાચારના આક્ષેપોના સંબંધમાં સીબીઆઈએ એફઆઈઆર દાખલ કરી હતી. ત્યારબાદ ૧૬મી ઓક્ટોબરના દિવસે આ ગ્રૂપની ઓફિસો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન જ આ ડાયરી હાથ લાગી હતી. સીબીઆઈએ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરેલા પોતાના અહેવાલમાં આ ડાયરીનો પણ સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે. નેતાઓ અને જુદા જુદા પક્ષોના સાંસદોને મોટાભાગની ચૂકવણી એવા વખતે કરવામાં આવી હતી જ્યારે ચૂંટણીનું વાતાવરણ હતું. ડાયરીમાં લોકસભાની બે ચૂંટણી અને જુદા જુદા રાજ્ય સભા ચૂંટણીમાં બિરલા કંપની ટ્રસ્ટ તરફથી પેમેન્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ આ ડાયરી હવે સુપ્રીમ કોર્ટને સોંપી છે. આગામી આદેશોનો ઈંતજાર કરવામાં આવ્યો છે. ઈન્કમટેક્સ વિભાગે પણ કંપનીની ઓફિસમાંથી એક આવી જ નોટબુક કબજે કરી છે જેમાં કોઈ જગ્યાએથી ૧૦૦ કરોડ રૂપિયા લેવાનો ઉલ્લેખ છે. જ્યારે સીબીઆઈએ ચાર શહેરોમાં કંપનીની ઓફિસો ઉપર દરોડા પાડ્યા હતા ત્યારે ઈન્કમટેક્સ વિભાગની મદદ લેવામાં આવી હતી. કારણ કે કંપનીની દિલ્હી કોર્પોરેટ ઓફિસમાંથી ૨૫ કરોડ રૂપિયાની રોકડ રકમ મળી હતી. જે જગ્યા પરથી ૨૫ કરોડ રૂપિયા મળી આવ્યા હતા ત્યાંથી ઈન્કમટેક્સ વિભાગે એક નોટબુક પણ કબજે કરી હતી. એમ માનવામાં આવે છે કે કબજે કરવામાં આવેલી ૨૫ કરોડ રૂપિયાની રકમ આ ૧૦૦ કરોડ રૂપિયાનો હિસ્સો હોઈ શકે છે. ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓની ટીમે આ નોટબુકના સંબંધમાં આદિત્ય બિરલા ગ્રૂપના અધિકારીઓની પુછપરછ કરી હતી. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સનું કહેવું છે કે ગ્રૂપ આ પૈસા ઉપર ટેક્સ આપવા માટે તૈયાર છે. એક અંગ્રેજી અખબારના જણાવ્યા મુજબ બિરલા કંપનીના પ્રવક્તાએ આ ડાયરી અંગે માહિતી આપી છે.

નરેન્દ્ર મોદીને ખૂબ ગંભીરતાથી જ લઈ રહ્યા છીએ : વડાપ્રધાન

વિપક્ષની તાકાતને ઓછી ગણતા નથી : આંતકવાદનો મુખ્ય હેતુ સાંપ્રદાયિક વિભાજનનો રહે છે કોમી હિંસા બિલ પસાર થશે તો ખામીઓ દૂર કરી શકાશે

નવી દિલ્હી,તા. ૬

વડાપ્રધાન મનમોહનસિંહે નિવેદન કરતા કહ્યુ છે કે તેઓ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ખૂબજ ગંભીરતાથી લઈ રહ્યા છે. એક અખબારની સમિટમાં ભાગ લેવા માટે પહોંચેલા વડાપ્રધાને એક પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુકે અમે ક્યારે પણ વિપક્ષની તાકાતને ઓછી કરીને જોતા નથી. તેમણે ઉમેર્યુ હતુ કે રાજકીય પાર્ટી હોવાના ભાગરૂપે અમે શાસનને અસ્થિર કરવાના વિપક્ષના પ્રયાસોને હળવાશથી લેતા નથી. મનમોહનસિંહે કહ્યુ હતુ કે તેઓ પોતાના તમામ હરીફોને ખૂબજ ગંભીરતાથી લેછે. આમાં લાપરવાહીની કોઈ પણ તક રાખતા નથી. તેમના કેબિનેટમાં મોદીને લઈને બે અભિપ્રાય છે. કેટલાક લોકો કહે છેકે મોદી તરફથી રજુ કરવામાં આવેલા પડકારોને ગંભીરતાથી લેવા જોઈએ જ્યારે કેટલાક લોકો મોદીને સંપૂર્ણપણે ફગાવી દે છે. આવા પ્રશ્નોના જવાબમાં વડાપ્રધાને કહ્યુ હતુ કે તેઓ એવા લોકો પૈકી છે જે પોતાના વિરોધીઓને ગંભીરતાથી લે છે. હળવાશ માટેનું કોઈ કારણ નથી. વડાપ્રધાને કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી સમગ્ર આત્મવિશ્વાસ સાથે ચૂંટણી લડી રહી છે. તેમણે ઉમેર્યુ હતુકે વિધાનસભાના પરિણામ જે કાંઈ પણ

રહે તેનાથી ભ્રમિત થવાની જરૂર નથી. સિંહે એક પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુ કે સાંપ્રદાયિક હિંસાને રોકવા સાથે સંબંધિત બિલ વોટબેંકને મજબુત કરવાના હેતુસર છે તે બાબત ખોટી છે. સિંહે કહ્યુ હતુ કે સરકાર એક એવી ખાતરી કરવાના પ્રયાસ કરી રહી છે કે જો હિંસાને રોકી શકાય નહીં તો ભોગ બનેલા લોકોને પૂરતા પ્રમાણમાં વળતર મળવું જોઈએ. વોટબેંકની રાજનીતિ બિલકુલ નથી. તેમણે ઉમેર્યુ હતુકે છેલ્લા પાંચ અથવા છ વર્ષથી અમે દેશના કેટલાક હિસ્સાઓમાં સાંપ્રદાયિક હિંસાનો સામનો કરી રહ્યા છે. આ બિલ ખૂબજ મહત્વપૂર્ણ છે. જોહિંસાને રોકવામાં ન આવે તો વળતર અને ચોક્કસ લાભ મળવા જોઈએ. વડાપ્રધાને મુજફ્ફરનગર હિંસાનો ઉલ્લેખ કરતા કહ્યુહતુ કે દેશના કેટલાક હિસ્સામાં થયેલી ઘટનાઓથી જાણવા મળે છે કે દેશના તમામ નાગરિકોને સુરક્ષા આપવાને લઈને અમને ગર્વ છે પરંતુ કેટલાક મોકા પર ચોક્કસપણે ભૂલ થઈ છે. જો આ બિલ સંસદમાં પસાર થશે તો કેટલાક પ્રકારની ખામીઓને દૂર કરવામાં મદદ મળશે. આતંકવાદનો મુખ્ય હેતુ સાંપ્રદાયિક વિભાજનનો હોય છે. પરંતુ આતંકવાદને સફળ થવાની ક્યારે મંજુરી અપાશે નહીં.

પ્રથમ વન-ડેમાં આફ્રિકાની ભારત પર ૧૪૧ રને જીત

જોહાનિસબર્ગ,તા.૬

દક્ષિણ આફ્રિકાએ જોહાનિસબર્ગમાં રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં ભારતને ડ્રામી રીતે હાર આપીને શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. ઘર આંગણે અભૂતપૂર્વ દેખાવ કરનાર ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોનો આફ્રિકન બોલરો સામે ફ્લોપ શો રહ્યો હતો. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટીંગ કરતા ચાર વિકેટે ૩૫૮ રનનો જંગી જુમલો ખડકયો હતો જેના જવાબમાં ભારતીય ટીમના તમામ ખેલાડી ૪૧ ઓવરમાં માત્ર ૨૧૭ રન બનાવી આઉટ થઈ હયા હતા. કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ૭૧ બોલમાં ૬૫ રનની ઈનિંગ્સ રમી હતી. બાકીના બેટ્સમેનોએ શરણાગતિ સ્વીકારી લીધી હતી. ભારતે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આફ્રિકાએ આ નિર્ણયનો સંપૂર્ણ લાભ લીધો હતો. આફ્રિકન બેટ્સમેનો સમગ્ર મેચ દરમિયાન છવાયેલા રહ્યા હતા.

૧૦ વર્ષમાં ડીઝલની માંગ ઉલ્લેખનીય રીતે ઘટી ગઈ

દર મહિને ડીઝલ કિંમતમાં વધારો થતાં અસર : આર્થિક મંદી અને અન્ય શ્રેણીબદ્ધ કારણોસર ડીઝલની માંગ ઘટી : પેટ્રોલના વપરાશમાં ૧૦ ટકા સુધીનો વધારો

છેલ્લા એક દશકમાં પ્રથમ વખત ડીઝલની માંગમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જુદા જુદા કારણોસર ડીઝલની માંગ ઘટી છે. ડીઝલની કિંમતમાં દર મહિને વધારો કરવામાં આવી રહ્યો છે. સાથે સાથે વીજળી ઉત્પાદનમાં પણ ડીઝલની માંગ વધી છે. ડીઝલના ઊંચા ભાવ અને ખર્ચના પરિણામ સ્વરૂપે ડીઝલની માંગ ઘટી છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચેરમેન આર એસ બુટોલાનું કહેવું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં પ્રથમ વખત ડીઝલની માંગમાં ઘટાડો નોંધાયો છે. અ વર્ષે ડીઝલની માંગમાં ૦.૮-૧ ટકા સુધીનો ઘટાડો થયો છે. તેમને ઉમેર્યું હતું કે ડીઝલની માંગ ઘટવા માટેના કારણો ઘણા છે પરંતુ મોટું કારણ નાનકડા માસિક વધારાના કારણે છે. દર મહિને ડીઝલની કિંમતમાં ૫૦ પૈસાનો વધારો કરવામાં આવી રહ્યો છે. જાન્યુઆરી મહિના બાદથી ડીઝલની કિંમતમાં પ્રતિ લીટર ૬.૬૨ સુધીનો વધારો થઈ ચૂક્યો છે. ડીઝલ કારમાં પણ ડીઝલની માંગ ઘટી છે. બુટેલાએ કહ્યું છે કે પેટ્રોલના વપરાશમાં પણ એ વખતે ઘટાડો થયો હતો જ્યારે જૂન ૨૦૧૦માં પેટ્રોલની કિંમતને અંકુશમુક્ત બનાવી દેવામાં આવી હતી પરંતુ ડીઝલની માંગ સતત વધી રહી હતી. કારણ કે તેમાં સબસીડી હતી. હવે ઉત્પાદનના ખર્ચની સાથે પેટ્રોલની સ્થિતિ છે પરંતુ ડીઝલની વર્તમાન વેચાણ કિંમત હજુ પણ ખર્ચના પ્રમાણમાં લીટર દીઠ ૯.૯૯ રૂપિયા ઓછી છે.

કારણ - એ 'મા' હતી

(પાના નં. ૪ નું ચાલુ)

હજી પણ કસોટી પુરી નહોતી થઇ. સજુબાને તગડીને બીજા નારડા આવી ગયા. એક મોટા નારડાએ થડ પર પગ ટેકવી મોઢું ફાડી વહુનાં પંડો મોઢામાં પકડી લીધો. પરિસ્થિતિ વિકટ બની. ઠૂંઠાથી હાય ન છૂટે. બાળક ન પડે અને નારના મોઢામાંથી પગ છોડાવવા. નારડો તો ખેંચવા મંડ્યો વહુએ ઇષ્ટદેવ યાદ કર્યા. ભગવાનને મદદ માટે વિનંતી કરી. સહજ નીચે સરકી જમણા પગની લાત નારડાના મોઢા પર મારી. અચાનક પ્રહાર થતાં તેનું મોઢું ખુલી ગયું તેજ ક્ષણે વહુએ બંને પગ ઉપર ખેંચી લીધા ને વડના થડની ટોચે પહોંચી ગઇ.

હવે તેને ધીરજ આવી. ધીમ ધીમે ઉપરની ડાળીએ એ પહોંચી દરમિયાન તેની પીંડી ને પંજામાંથી લોહી ટપકવા મંડ્યુ. ધીરજથી પીઠની ઝોળી ઉતારી. વડની ડાળ સાથે બાંધી. પોતાની જાતને પણ ડાળી સાથે બાંધી દીધી. દરમિયાન નારડા વડના થડ આસપાસ ઘુંડાળુ વળી બેસી ગયા. તેઓને ખાત્રી હતી કે રાત્રીના સમયે ગમે તે સમયે શિકાર નીચે પજવાનો જ.

આ બાજુ સજુબાને માઇલેક દોડાવી. ત્રણ ચાર બચકા ભરી નારડા આસપાસ ફરતા રહ્યા. સજુબાએ બૂમ પાડવા માંડી. એ સાંભળી બે-ચાર માણસો દોડી આવ્યા. નારડાને હાંકી કાઢ્યા. પણ સજુબા થાકી ગભરાઇને લોહી વહેવાથી બેભાન થઇ ગયા. તેને ગામમાં લાવ્યા, ભાનમાં આવતા તેણે પોતાના વહુ-દીકરા પાછળ પડેલ સાત નારીના વાત કરી...

ગામના યુવાનો તુરત તૈયાર થયા. પણ સૌના મનમાં પ્રશ્ન હતો. નાની ઉંમરની બાઇ અને સાથે દીકરો... એ સાત નારીની જાળમાંથી ભાગ્યે જ બચે. નિશાની જોતા જોતા સૌ આગળ વધ્યા. વડવા નીચે ટોળું વળેલા નારડા જોયા. તેને નસાડી સૌ વડલા નીચે આવ્યા. જુઓ તો વડની ડાળીને મડાગાંઠ ભરી બાઇ બેભાન પડેલી. પીંડીમાંથી હજુ લોહી ટપકતું હતું ને બાળખ ખોઇમાં રડતું હતું. મા-દીકરાને ઘરે લાવ્યા. દવા-સારવાર કરી. માંડ મહિના દિવસે સાજા થયા. સાત નારીના પંજામાંથી એ બાળકને બચાવી શકી... કારણ એ 'મા' હતી.

● ● ●

નોંધ : મહુવા (સૌરાષ્ટ્ર)માં કસરત શિક્ષક જીવરાજભાઇ સોલંકીના મુખે સાંભળેલ પ્રસંગના આધારે